Pri.Court,Valia. Judgement. ફોજદારી કેસ નંબર : ૧૨૫/૨૦૨૫

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૫ |
| કેસ રજીસ્ટર્ડ તારીખ | ૧૩/૦૨/૨૦૨૫ |
| કેસ ફેસલ તારીખ | ૧૭/૦૭ /૨૦૨૬ |
| સમયગાળો | ૦૧ વર્ષ,૦૫ માસ,૨૪ દિન |

**::નમૂના-અ::** **આંક-૩૫**

**મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ),વાલીયા.તા.વાલીયા જી.ભરૂચના ન્યાયાલયમાં શ્રી એ.એમ.સોની. -મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ).**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૭ / ૦૭ / ૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | સી.સી.નં.૧૨૫/૨૦૨૫ |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | BNS- 2023 કલમ:૨૮૧,૧૨૫ (એ)(બી),તથા મો.વ્હી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ. |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૯૦૫૦૨૪૦૮૯૩/૨૦૨૧,તા. ૦૧/૧૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | વાલીયા પો.સ્ટે.તા.વાલીયા,જી.ભરૂચ |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી/ફરિયાદીનુંનામ-નરેન્દ્રસિંહ S/O ગંભીરસિંહ નહરસિંહ બોડાણા. રહે.પ્લોટ નં.૧૩૪,હરીનગર સોસાયટી,વાલીયા, તા.વાલીયા,જી.ભરૂચ. |
| રજૂઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી જી.બી.મકવાણા |
| આરોપી પક્ષ | નિલેશભાઈ નવીનભાઈ વેચાણભાઈ વસાવા.<br>રહે.કનેરાવ હોળી ફળીયું,તા.વાલીયા,જી.ભરૂચ. |
| રજૂઆત | વિ.વકીલશ્રી-કે.બી.વસાવા |

**::નમૂના-બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૩૦/૦૯/૨૦૨૪ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | તા.૩૦/૦૯/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | તા.૩૧/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લીની તારીખ | તા.૦૭/૦૩/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૩/૦૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા. ૧૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા. ૧૭/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | લાગુ પડતુ નથી. |

**::આરોપી ની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનોસમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નિલેશભાઈ નવીનભાઈ વેચાણભાઈ વસાવા. | – | – | BNS- 2023 કલમ:૨૮૧, ૧૨૫(એ)(બી),મો.વ્હી. એકટ. ૧૭૭, ૧૮૪ મુજબ. | નિર્દોષ | નથી | લાગુ પડતુ નથી. |

**::નમૂનો ક::**

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરિયાદપક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | દિલીપસિંહ ફતેહસિંહ સુરતીયાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૨ | નરેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૩ | નરેન્દ્રસિંહ ગંભીરસિંહ નહરસિંહ બોડાણાની જુબાની | ફરીયાદી |
| ફ.સ.૪ | જીતેન્દ્રસિંહ સજ્જનસિંહ સોલંકીની જુબાની | સાહેદ |
| ફ.સ.૫ | સ્મિતાબેન નરેન્દ્રસિંહ બોડાણાની જુબાની | સાહેદ |
| ફ.સ.૬ | કિરણસિંહ ભીખાભાઈ સાચણીયાની જુબાની | સાહેદ |
| ફ.સ.૭ | કિશોરસિંહ પરબતસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |

| | | |
|---|---|---|
| ફ.સ.૮ | રણજીતભાઈ છગનભાઈ વસવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૯ | ડો.જય સંજયભાઈ ચોથાણીની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૦ | ડો.દિક્ષિત ધીરીશભાઈ પટેલની જુબાની | સાહેદ |
| ફ.સ.૧૧ | સંદિપભાઈ સુખરામભાઈ વસાવાની જુબાની | તપાસ કરનાર અમલદાર |

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | નથી | નથી. |

**ક.બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | અ | અ |
| ન્યા.સ.૨ | અ | અ |

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી),પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંકની યાદી**

**અ.ફરિયાદ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ આંક–૧૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ આંક–૧૧ | ફરીયાદ |
| ૩. | આંક ફ–૩/ફ.સ.૩ આંક–૨૭,૨૮,૩૧,૩૨ | સારવાર સર્ટીફીકેટ |

**બ.બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | – |

**ક.ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | |

**ડ.ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ – | – |
| ૨. | ભૌ.પ.૨ – | – |

## ::–ચુકાદો –::

૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૧/૧૦/૨૦૨૪ નાં રોજ કલાક ૧૯:૦૦ વાગ્યાના અરસામાં પોતાની સ્પ્લેન્ડર મો.સા.રજી નં. GJ-16-DF-9328 ની લઈને પોતાના ઘરેથી નલધરી ખાતે ઘંટીએ જુવાર દળાવવા ગયેલ અને જુવાર દળાવીને પરત આવતા હતા તે વખતે તેઓએ મો.સા. સિલુડી ચોકડીથી ગોદરેજ કંપની તરફ જતાં રોડ ઉપર ચાલવા જવા માટે વાળેલ અને ગોદરેજ કંપની તરફ પોતાની મો.સા.લઈને જતાં હતાં તે વખતે મો.સા.રજી નં. GJ-16-AS-5546 ના ચાલક આરોપીએ તેની મો.સા.પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીની મો.સા.ને પાછળથી ટકકર મારી ફરીયાદીને ડાબા પગનાં ઘુંટણથી નીચેના ભાગે ફેકચર કરી માથાના પાછળનાં ભાગે ડાબી ચામડી છોલાઈ ઈજા પહોંચાડી તથા પોતાના નાકના ભાગે ઈજા કરી ,

બી.એન.એસ. ૨૦૨૩ની કલમ ૨૮૧,૧૨૫(એ)(બી), તથા મો.વ્હી. એ.ક.૧૭૭,૧૮૪,મુજબ નો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ વાલીયા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૦૨૪૦૮૯૩/૨૦૨૪ થી જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશિટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨) ચાર્જશિટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ **આંક-૦૫** લગત સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

૩) ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરુઘ્ધ પુરતા પુરાવાના કારણે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.તેમાં પોતે નિર્દોષ હોવાનું અને ખોટી ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

૪) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિઘ્વાન એ.પી.પી.શ્રી. ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે અને બાદમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલછે.

૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત

થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧)** | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે,આ કામના આરોપીએ તા.૦૧/૧૦/૨૦૨૪ નાં રોજ કલાક ૧૯:૦૦ વાગ્યાના અરસામાં પોતાની સ્પ્લેન્ડર મો.સા.રજી નં. GJ-16-DF-9328 ની લઈને પોતાના ઘરેથી નલઘરી ખાતે ઘંટીએ જુવાર દળાવવા ગયેલ અને જુવાર દળાવીને પરત આવતા હતા તે વખતે તેઓએ મો.સા. સિલુડી ચોકડીથી ગોદરેજ કંપની તરફ જતાં રોડ ઉપર ચાલવા જવા માટે વાળેલ અને ગોદરેજ કંપની તરફ પોતાની મો.સા.લઈને જતાં હતાં તે વખતે મો.સા.રજી નં. GJ-16-AS-5546 ના ચાલક આરોપીએ તેની મો.સા.પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીની મો.સા.ને પાછળથી ટકકર મારી ફરીયાદીને ડાબા પગનાં ઘુંટણથી નીચેના ભાગે ફેકચર કરી માથાના પાછળનાં ભાગે ડાબી ચામડી છોલાઈ ઈજા પહોંચાડી તથા પોતાના નાકના ભાગે ઈજા કરી , બી.એન.એસ. ૨૦૨૩ની કલમ ૨૮૧,૧૨૫(એ) (બી), તથા મો.વ્હી. એ.ક.૧૭૭,૧૮૪,મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |
| **મુદ્દા નં.૨)** | છેવટે શું હુકમ ? |

૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારામાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**::- નિર્ણય માટેના કારણો -::**

૭) **<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

આ કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંનને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**સદર કામે BNS- 2023 કલમ:૨૮૧ ના તત્વો જોવા જરૂરી છે.**

**BNS- 2023 કલમ:૨૮૧ બાબતે જોવામાં આવેતો,** સરીયામ રસ્તા પર બેકાળજીજી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત– **જે કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય, અથવા અન્ય વ્યકિતને વ્યથયા કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ, અથવા એક હજાર રૂપીયા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.**

સદર કલમ હેઠળ સરીયામ રસ્તા પર બે કાળજીથી વાહન ચલાવવાની અથવા સવાર કરવાની અસર કાંતો મનુષ્યના જીવનને ભયમાં મુકે તેવી હોવી જોઈએ અથવા તો તે એવી હોવી જોઈએ જેથી ઈજા કે નુકશાન થવાની શકયતા હોય.

સદર કલમના તત્વો:– (૧)જાહેર માર્ગ પર વાહન ચલાવવુ, અથવા સવારી કરવી.

(૨) આવું ચલાવવું અથવા સવારી કરવી એટલી બધી બેફામ(**રેસ)** અથવા ઉપેક્ષાયુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમાં મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે એવી શકયતા

ઉપસ્થિત થાય.

(૮) ફરિયાદપક્ષે **આંક–૧૨ થી પંચ સાહેદ દિલીપસિંહ ફતેસિંહ સુરતીયાને તથા આંક–૧૪ થી પંચ સાહેદ નરેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમાં આંક–૧૩ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

(૯) ફરિયાદપક્ષે **આંક–૧૦ થી ફરીયાદી નરેન્દ્રસિંહ ગંભીરસિંહ બોડાણાને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા. ૩૦/૦૯/૨૦૨૪ ના રોજ હું સાંજે આશરે સાડા પાંચ કલાકે મારા ઘરેથી નલધરી મુકામે જુવારનુ દરણુ દળાવવા ગયો હતો. સાંજે દરણુ દળાવી પરત ફરતો હતો ત્યારે અચાનક મને યાદ આવ્યુ કે ગઈ કાલે મે સુગર લેવલ ચેક કરાવ્યુ હતુ જેના કારણે ડોકટરે મને ચાલવાની સલાહ આપી હતી. ત્યારબાદ દરણુ દળાવી હુ ઘરે પરત ફરતા સીલુડી ચોકડી થી ગોદરેજ તરફ ૬: ૩૦ કલાકે મારી બાઈક જી.જે. ૧૬ આગળ મને નંબર હાલ યાદ આવતો નથી ,જતો હતો. ત્યારે મારી પાછળથી વધુ સ્પીડથી ચલાવતા બાઈક ચલાવનાર રોંગ સાઈડ પરથી ઓવરટેક કરી મારા ડાબા પગને ઘુંટણથી નીચેના ભાગે બાઈકની ટકકર

વાગતા બે ટુકડા થઈ ગયેલા.અને આ બાઈક ચાલક કનેરાવના હતા તેના નામની મને ખબર નથી. બાઈકનો નંબર મને હાલ યાદ નથી. અને બનાવમાં મને માથાના ડાબા ભાગે પાછળથી થોડો ઘા હતો અને ડાબા હાથની ખભા ઉપર બેઠો માર વાગેલો અને પછી મારા મિત્ર જીતેન્દ્રસિંહ એસ.સોંલકી તેઓ આગળ ચાલતા હોય તેઓએ ૧૦૮ બોલાવી મને તાત્કાલિક સી.એચ.સી.વાલીયા સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વર લઈ ગયેલા અને ત્યાં મને મગજનુ સીટી સ્કેન કરાવી અને એક્ષ–રે કરાવી મને ચારેક દીવસ સુધી મારુ ઓપરેશન અને મારી સારવાર ચાલેલી. અને તે સમયે મારા ઓપરેશન બાદ બીજા દીવસે વાલીયા પોલીસે આવી મારી ફરીયાદ લીધેલી જે અસલ ફરીયાદ મને આજરોજ બતાવાવમાં આવે છે જેમાં નીચે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જે અસલ ફરીયાદ આંક–૧૧ થી રજુ છે.આરોપીને જોયેથી હુ ઓળખી શકુ નહી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરીછેકે, વાલીયા શીલુડી ચોકડી વસ્તીવાળો વિસ્તાર છે.એવાત ખરી છેકે,

બનાવવાળી જગ્યાએ ચાર રસ્તા પડે છે. એ વાત ખરી છે કે, ગોદરેજ કંપનીની બાજુમાં ગ્રીનબેરી કંપની આવેલી છે.એવાત ની મને ખબર નથીકે, ગોદરેજ કંપનીમાં મટેરીયલ નાખવા આવતા વાહનો રોડ ઉપર પાર્ક કરેલા હોય છે.એવાત ખરી છેકે, ગોદરેજ કંપની બાજુ જવુ હોય તો ગાડી વળાવીને જવુ પડે.એવાત ખરી છકે, કોઈપણ વળાંકમાંથી ગાડી ધીરેથી ચલાવીને જવુ પડે.એવાત ખરી છેકે, સદર બનાવવાળી જગ્યા જાહેર રોડ હોય વાહન તથા માણસોની અવર–જવર થતી રહેછે. સાહેદ સ્વૈચ્છાએ જણાવેછેકે, બનાવ સમયે કોઈ વાહનો આગળ કે પાછળ ન હતા.એવાત ખરી છેકે, બનાવ સમયે થોડુ અંધારુ થઈ ગયેલુ.એવાત ખરી છેકે, અકસ્માત થતા હુ બેભાન થઈ ગયેલો.એવાત ખરી છેકે, અકસ્માત થતા હુ બેભાન થઈ ગયેલો જેથી અકસ્માત કોણે કરેલો તેની મને ખબર નથી.

(૧૦) ફરિયાદપક્ષે **આંક–૧૫ થી સાહેદ જીતેન્દ્રસિંહ સજ્જનસિંહ સોલંકીને** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૩૦/૦૯/૨૦૨૪ના રોજ સાંજના ૬:૧૫ થી ૬:૩૦ની અંદર સીલુડી ચોકડી થી ગોદરેજ કંપની તરફ જવાના રસ્તા ઉપર બનેલો.બનાવ સમયે હુ ગોદરેજ કંપની તરફથી સીલુડી ચોકડી તરફ વોકીંગ કરી રહયો હતો.તે સમયે સામેથી બાઈક જેનો નંબર જી.જે. ૧૬.ડીએફ.૯૩૨૮ આવી રહી હતી.તે બાઈક મારા મિત્ર નરેન્દ્રસિંહ બોડાણા ડાબી સાઈડે આવી રહયા હતા.તે દરમ્યાન તેમની પાછળ આવી

રહેલ એક બાઈક જેનો નંબર: જી.જે.૧૬.એએસ.૫૫૪૬ નો હતો.જે બાઈક સવારે મારા મિત્ર નરેન્દ્રસિહં બોડાણાના બાઈકને ફુલ સ્પડી મા આવીને ટકકર મારી દીધેલી.જેથી મે મારા મિત્ર નરેન્દ્રસિંહ બોડાણાને ત્યા જઈ બેઠા કરેલા પરંતુ તેઓ ભાનમા ન હતા અને તેમને ડાબા પગે ગંભીર ઈજા ઓ થતા હાડકુ ભાંગી ગયેલુ અને જેથી મે ૧૦૮ને ફોન કરી મારા મિત્ર નરેન્દ્રસિંહને સી.એચ.સી. વાલીયા ખાતે સારવાર માટે લઈ ગયેલા.નરેન્દ્રસિંહ સાથે અકસ્માત કરનાર બાઈક સવાર નિલેશભાઈ કનેરાવ ગામના છે તેવુ મે પાછળથી જાણેલુ. પોલીસે મારો જવાબ લીધેલો.આરોપીને જોયેથી હુ ઓળખી શકુ નહી.

બચાવપક્ષ તરફે ઉપરોકત સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાતખરી છેકે વાલીયા ગામનો સીલુડી ચોકડી વસ્તી વાળો વિસ્તાર છે.એવાતખરી છેકે ફરીયાદી નરેન્દ્રસિંહ મારા મિત્ર થાય છે.એવાતખરી છેકે વાલીયા સીલુડી ચોકડી ચાર રસ્તા આવેલા છે.એવાતખરી છેકે ચોકડી હોય જેથી આપણે કોઈ રસ્તે વળી ને જવુ હોય તો ધીરે થી જવુ પડે.એ વાતખરી છેકે ગોદરેજ થી સીલુડી ચોકડી પર વાહનો તથા માણસોની અવર જવર થતી રહે છે.એ વાતખરી છેક સીલુડી ચોકડી રોડ ઉપર ગોદરેજ કંપનીમા મટીરીયલ નાખવા આવતા વાહનો રોડ પર ઉભા હોય છે. એ વાત ખરી છે કે, ગોદરેજ કંપની પાસે ગ્રીન વેલી કંપની આવેલી છે.એ વાતખરી છેકે બનાવ સમયે ચોમાસાની ઋતુ હતી.

(૧૧) ફરિયાદપક્ષે **આંક–૧૬ થી સાહેદ સ્મીતાબેન નરેન્દ્રસિંહ બોડાણાને** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બનેલો.બનાવ ગોદરેજ કંપની પર જવા ના રસ્તા પર બનેલો.બનાવ સમયે હુ અંકલેશ્વર હતી.બનાવ બાબતે મારા ઉપર અજયસિંહ ગંભીરસિંહ બોડાણાનો ફોન આવેલ અને જણાવેલ કે,'' મારા કાકાનો એકસીડન્ટ થયેલ છે.'' તેમ જણાવેલ.જેથી મારા પતિ નરેન્દ્રસિંહ બોડાણાને જયાબેન મોદી હોસ્પીટલમા વધુ સારવાર માટે લાવતા મે જોયેલ તો બેભાન હાલતમા હતા અને તેમને માથામા અને પગે ઈજા થયેલ હતી.બનાવ બાબતે વાતો વાતો થી જાણેલુ કે અકસ્માત કરનાર કનેરાવ ના કોઈ ભાઈ છે તેમના નામની ખબર નથી.તેમનુ વાહન સીબી ઝેડ બાઈક હતુ.તેના નંબરની મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો નથી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે ફરીયાદી મારા પતિ થાય છે.એ વાત ખરી છે કે મને વાંચતા લખતા સારી રીતે આવડે છે.એવાતખરી છે કે બનાવ સમયે હુ અંકલેશ્વર હતા.એવાતખરી છેકે બનાવ બનતા નજરે જોયેલ નથી.એ

વાતખરી છેકે બનાવ કોની બેદરકારી થી બનેલો તે હુ કહી શકુ નહી.

(૧૨) ફરિયાદપક્ષે **આંક–૧૯ થી સાહેદ કિરણસિંહ ભીખાભાઈ સાચણીયાને** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ સપ્ટેમ્બરના અંતમાં બનેલો.બનાવ સમયે હુ મારા ઘરે પણસોલી હતો. બનાવ બાબતે મારા એક મિત્ર ગોપીચંદભાઈ વસાવાનાએ મને ફોનથી જણાવેલ કે, બોડાણાને અકસ્માત થયેલ છે ગોદરેજ રોડ ઉપર.ત્યારબાદ અમો બનાવવાળી જગ્યાએ આવેલા અને ત્યાં જઈને જોયેલ તો બે બાઈક પડેલ હતા જેમાં એક સ્પ્લેન્ડર હતું અને બંન્ને બાઈકોના નંબરની મને ખબર નથી.પાછળથી પણ મે જાણેલુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, સીલુડી ચોકડી થી ગોદરેજ કંપની તરફ જવાના રોડ ઉપર વાહનો તથા માણસોની અવર જવર થતી રહે છે.એવાત ખરી છેકે, સીલુડી ચોકડી ઉપર ચાર રસ્તા પડે છે. એવાત ખરી છેકે, વાલીયાથી ગોદેરજ કંપની તરફ જવુ હોય તો ડાબી બાજુ વળીને જવુ પડે.એવાત ખરી છેકે, કોઈપણ

જગ્યાએ વળીને જવુ હોય તો ગાડી ધીરેથી જાય.એવાત ખરી છેકે, બનાવવાળી જગ્યા સીલુડી ચોકડીની નજીકની છે.એવાત ખરી છેકે બનાવ બનતા મે નજરે જોયેલ નથી.એવાત ખરી છેકે બનાવ કોની બેદરકારીથી બનેલો તે હુ કહી શકુ નહી.

(૧૩) ફરિયાદપક્ષે **આંક-૧૮ થી સાહેદ કિશોરસિંહ પરબતસિંહ ચૌહાણ** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બનેલો.બનાવ સમયે હુ મારી ગેરેજભાઈ ઉપર કામ કરતો હતો તેવખતે કિરણભાઈ સાયણીનાઓએ મને ફોન કરી જણાવેલ કે, નરેન્દ્રભાઈ બોડાણાનાઓનુ અકસ્માત થયેલછે અને તમે સરકારી દવાખાને વાલીયા આવો તેમ જણાવેલ.જેથી હું ગેરેજનુ કામ બંધ કરી સરકારી દવાખાન વાલીયા ગયેલો અને ત્યાં જઈને જોયેલ તો તેમને ૧૦૮ માં બેસાડતા હતા અને હુ પણ તેમની સાથે ૧૦૮ માં જયાબેન મોદી હોસ્પિટલમાં ગયેલો. અકસ્માત કયા વાહનથી અને કોની જોડે થયેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ

છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ગેરેજ ઉપર હાજર હતો. એ વાત ખરી છે કે, બનાવ બનતા મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકું નહી.

(૧૪) ફરિયાદપક્ષે **આંક–૨૨ થી સાહેદ રણજીતસિંહ છગનભાઈ વસાવા** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ બાબતે મને કંઈ ખબર નથી. બનાવ સમયે હું મારા કામ ઉપર હતો. બનાવ વિશે હું કાંઈ જાણતો નથી. બનાવ બાબતે મારે કાંઈ કહેવું નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વિશે મને કોઈ જાતમાહિતી નથી.

(૧૫) ફરિયાદપક્ષે **આંક–૨૬ થી ડો.જય સંજયભાઈ ચોથાણી** નાઓને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,હું તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ સી.એચ.સી. વાલીયા ખાતે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન એક દર્દી નંબર(૧) નામે

નિલેશભાઈ નવીનભાઈ વસાવા ઉ.વ.૨૬ રહે.કનેરાવ,તા.વાલીયા જી.ભરૂચ નાઓને ૧૦૮ ધ્વારા સાંજના ૦૬:૩૦ કલાકે સારવાર માટે લાવવામાં આવેલા.દર્દીના જણાવ્યા તેઓને ગ્રીન બેલી રોડ ગોદેરજ કંપનીની સામે બાઈક ધ્વારા અકસ્માત થયેલ હતો.દર્દીને નીચે મુજબની ઈજાઓ થયેલ હતી.ઈજા નંબર(૧)૧×૧ સે.મી.નાકના ભાગે સામાન્ય છોલાયેલો ઘા હતો જેમાંથી લોહી નીકળતુ હતુ.સામાન્ય તપાસમાં દર્દી સંપુર્ણ સભાન અવસ્થામાં જણાયેલ. તેઓના પલ્સ રેટ–૮૪/મીનીટ, બી.પી.૧૧૬/૭૨ એમ.એમ.એચ.જી. તેમજ SPO2 ૯૯% અને રેસ્પીરેટરી રેટ –૨૦/ મીનીટ હતો. જેઓને પ્રાથમિક સારવારમાં ઈન્જેકશન ટી.ટી., ઈન્જેકશન ડાયકલો,ઈન્જેકશન ટેકજીન,ઈન્કજેકન પેન્ટો,ઈન્જેકશન પી.સી.એલ.ઈન્જેકશન ટ્રેલેકજા,ઈન્જેકશન આર.એલ.આપેલ હતા.તેઓને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી.ઈજાનો પ્રકાર સામાન્ય પ્રકારનો છે સામાન્ય સંજોગોમાં જો કોઈ કોમ્પલીકેશન ના થાય તો આ પ્રકારની ઈજા ૩થી ૦૪ દિવસમાં રીકવર થઈ શકે.આમ ઉપરોકત દર્દીની સારવાર કર્યા અંગેનુ સર્ટીફીકેટ આજ રોજ અમો ઝેરોક્ષ નકલ રજુ કરીએ છીએ. જેમાં નીચે મારી સહી અને હોદ્દાનો સિકકો છે જે હુંઓળખ છું. જે રુજદાખલ આંક–૨૭ આપવામાં આવે છે. હું તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ સી.એચ.સી. વાલીયા ખાતે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન એક દર્દી નંબર(૨) નામે નરેન્દ્રસિંહ ગંભીરસિંહ બોડાણા ઉ.વ.૬૧ રહે.પ્લોટ નંબર–૧૩૪ હરીનગર સોસાયટી,તા.વાલીયા જી.ભરૂચ નાઓને ૧૦૮

ધ્વારા સાંજના ૦૬:૧૫ કલાકે સારવાર માટે લાવવામાં આવેલા.દર્દીના જણાવ્યા તેઓને ગ્રીન બેલી રોડ ગોદેરજ કંપનીની સામે બાઈક ધ્વારા અકસ્માત થયેલ હતો.દર્દીને નીચે મુજબની ઈજાઓ થયેલ હતી. ઈજા નંબર(૧)૦.૫×૧ સે.મી.નાકના ભાગે સામાન્ય છોલાયેલો ઘા હતો. ઈજા નંબર (૨) ૧×૧ સે.મી. માથાના ભાગે ડાબી બાજુ સામાન્ય છોલાયેલુ હતુ આ ઉપરાંત દર્દીને ડાબી બાજુ પગમાં ઘુંટણના નીચેના ભાગ ઉપર ફ્રેકચર થયેલુ જણાયેલ છે. સામાન્ય તપાસમાં દર્દી સંપુર્ણ સભાન અવસ્થામાં જણાયેલ. તેઓના પલ્સ રેટ–૯૨/મીનીટ, બી.પી.૧૧૮/૭૨ એમ.એમ.એચ.જી. તેમજ SPO2 ૯૯% અને રેસ્પીરેટરી રેટ –૨૦/ મીનીટ હતો. જેઓને પ્રાથમિક સારવારમાં ઈન્જેકશન ટી.ટી., ઈન્જેકશન ડાયકલો,ઈન્જેકશન ટેકજીન,ઈન્કજેકન પેન્ટો,ઈન્જેકશન ટેકજીન ,ઈન્કજેકન પેન્ટો,ઈન્જેકશન પી.સી.એલ.ઈન્જેકશન ટ્રેલેકજા,ઈન્જેકશન આર.એલ.આપેલ હતા.તેઓને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી. ઈજાનો પ્રકાર ગંભીર જણાતા તેઓને આગળની સારવાર માટે સીવીલ હોસ્પીટલ ભરૂચ ખાતે મોકલવામાં આવેલા હતા.સામાન્ય સંજોગોમાં જો કોઈ કોમ્પલીકેશન ના થાય તો આ પ્રકારની ઈજા ૩ થી ૪ અઠવાડીયામાં રીકવર થઈ શકે. આમ ઉપરોકત દર્દીની સારવાર કર્યા અંગેનુ સર્ટીફીકેટ આજ રોજ અમો ઝેરોક્ષ નકલ રજુ કરીએ છીએ. જેમાં નીચે મારી સહી અને હોદ્દાનો સિકકો છે જે હું ઓળખું છું. જે રુજદાખલ આંક–૨૮આપવામાં આવે છે.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છેકે, કોઈ વ્યકિત મોટર સાઈકલ ઉપરથી સ્લીપ ખાઈને પડી જાય તો સદર ઈજાઓ થઈ શકે.એવાત ખરી છેકે, દર્દી નંબર(૨) કયા વાહનથી અકસ્માત થયેલ તેનો નંબર જણાવેલ નથી કે આરોપીનુ નામ જણાવેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે **આંક–૩૦ થી ડો.દિક્ષિત ધીરીશભાઈ પટેલનાઓને સોગંદ** પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,હું તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ રાતના સાડા આઠ વાગ્યાના અરસામાં હું જયાબેન મોદી હોસ્પીટલ ખાતે મારી ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન એક દર્દી નામે નરેન્દ્રસિંહ ગંભીરસિંહ બોડાણા ઉ.વર્ષ:૬૦ રહે. હરીનગરી વાલીયા નાઓને અમારી હોસ્પીટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા.દર્દીના જણાવ્યા તેઓને ગ્રીન બેલી રોડ ગોદેરજ કંપનીની સામે બાઈક ધ્વારા અકસ્માત થયેલ હતો.દર્દી સભાન અવસ્થામાં હતો અને તેને પ્રાથમિક સારવારા સી.એચ.સી.વાલીયા ખાતે મળેલી.દર્દીને નીચે મુજબની ઈજાઓ થયેલ હતી.ઈજા નંબર(૧)માથાના જમણા પરાઈટલ ભાગમાં ૧×૦.૨ સે.મી. માંશ પેશી સુધી ઉંડો કપાયેલો છુડાયેલો ઘા હતો જેમાંથી લોહી વહી રહી હતુ. માથાનો સીટી સ્કેન કરતાં માથાના જમણા પરાઈટલ ભાગના સ્નાયુઓમાં સોજો જોવા મળેલ.ઈજા નંબર(૨) જમણા પગ ઉપર ૪×૩ સે.મી. માપનુ લાલ રંગનુ ઉજરડુ હતુ.આ જગ્યાએ

દુ:ખાવો અને સોજો જોવા મળેલ તેમજ તેનુ હલન ચલન સામાન્ય રીતે શકય ન હતુ. જમણા પગનો એક્ષ- રે કરતાં જમણા પગના ટીબીયા ફેબયુલા હાડકાનુ ફેકચર જોવા મળેલ. આ દર્દીને અમારી હોસ્પીટલના ડો.શ્રી પરીમલ પ્રજાપતિ(ઓર્થોપેડીક સર્જન) નાઓ ધ્વારા જમણા પગના ટીબીયા અને ફીબુયુલા હાડકાના ફેકચર માટે ઓપરેટ કરવામાં આવેલ તેમજ માથામાં થયેલ ઈજા માટે કન્જવેટીવ સારવાર આપવામાં આવેલ. આ દર્દીને તા. ૦૩/૧૦/૨૦૨૪ ના રોજ નિયમીત બતાવી જવાની સલાહ સાથે સ્થિર હાલતમાં રજા આપવામાં આવેલી. દર્દીને પગમાં થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી. દર્દીને થયેલ તમામ ઈજાઓ તાજી હતી અને સખત- બોથડ પર્દાથ વાગવાના કારણે થઈ શકે તેવી હતી.આમ ઉપરોકત દર્દીની સારવાર કર્યા અંગેનુ સર્ટીફીકેટ આજ રોજ અમો અસલ રજુ કરીએ છીએ. જેમાં નીચે મારી સહી અને હોદ્દાનો સિકકો છે જે હુંઓળખુ છું. જે રુજ દાખલ આંક- ૩૧ આપવામાં આવે છે.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છેકે, કોઈ વ્યકિત મોટર સાઈકલ ઉપરથી સ્લીપ ખાઈને પડી જાય તો સદર ઈજાઓ થઈ શકે.એવાત ખરી છેકે, દર્દી નંબર(૨) કયા વાહનથી અકસ્માત થયેલ તેનો નંબર જણાવેલ નથી કે આરોપીનુ નામ જણાવેલ નથી.એવાત ખરી છેકે, દર્દી જયારે મારી પાસે આવેલા ત્યારે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા.

(૧૭) ફરિયાદપક્ષે **આંક–૩૩ થી સાહેદ સંદિપભાઈ સુખરામભાઈ વસાવાનાઓને** સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,બનાવ સમયે હું વાલીયા પો.સ્ટેશનમાં અ.હે.કો.તરીકે ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન ગુના રજી નંબર××××××૮૯૩/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ)(બી), તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનાના આરોપી નિલેશભાઈ નવીનભાઈ વસાવા રહે.નલધરી તા. વાલીયા, જી.ભરૂચ ના વિરુધ્ધમાં પોતાના કબજાની ટુવ્હીલ ગાડી લઈ વાલીયા સીલુડી ચોકડીથી ગોદરેજ કંપની તરફ જતા રોડ ઉપર ફરીયાદીની મો.સાઈકલને ટકકર મારતા અકસ્માત ગુનો દાખલ થયેલ.આ ગુનાની તપાસ અમો પાસે આવેલ જેથી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, સારવારા સર્ટી મેળવી આ કામે રજુ કરેલ , તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને આરોપી વિરુધ્ધનો જરૂરી પુરાવો મળતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એવાત ખરી છેકે,વાલીયા સીલુડી ચોકડી વસ્તીવાળો વિસ્તાર છે.એવાત ખરી છેકે, બનાવવાળી જગ્યાએ ચાર રસ્તા પડે છે.એવાત ખરી છેકે, ગોદરેજ કંપનીની બાજુમાં ગ્રીન વેલી કંપની આવેલી છે.એવાત ખરી છેકે, વાલીયા ગામથી ગોદેરજ કંપની બાજુ જવુ હોય તો સીલુડી ચોકડી થઈને જવાય. એવાત ખરી છેકે,વળાંકમાંથી કોઈપણ વાહન ધીરેથી ચલાવીને જવુ

પડે.એવાત ખરી છેક, ગોદરેજ વાળો રોડ જાહેર રોડ હોય વાહનો તથા માણસોની અવર જવર થતી રહે છે.એવાત ખરી છેકે, તપાસના કામે ગોદેરજ કંપનીના સીકયુરીટી કે કર્મચારીના નિવેદન લીધેલ નથી.એવાત ખરી છેકે, સીલુડી ચોકડી ઉપર દુકાનો આવેલી છે.એવાત ખરીછેકે, સીલુડી ચોકડી ઉપર આવેલ દુકાનવાળાના નિવેદન આ કામે લીધેલ નથી.એવાત ખરીછેકે, બનાવવાળી જગ્યાએ પંચનામુ કરવા ગયા તે સમયે બનાવવાળી જગ્યાએ ઘસરકાના નિશાન કોઈ જગ્યાએ જણાયેલ નહી. એવાત ખરી છેકે, પંચનામામાં વાહનોના નંબર દર્શાવેલ નથી.એવાત ખરી છેકે, આ કામે અમોએ ગુનાવાળી જગ્યાનો નકશો તથા આર.ટી.ઓ. પરીક્ષણ રીપોર્ટ આ કામે રજુ કરેલ નથી.

**(૧૮) સાહેદોની જુબાનીનું પુરાવાકીય મૂલ્યાંકન:-**

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે **આંક-૧૨ થી પંચ સાહેદ દિલીપસિંહ ફતેહસિંહ સુરતીયા** તથા **આંક-૧૪ થી પંચ સાહેદ નરેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલન** જે **આંક-૧૩** થી રજુ ગુનાવાળી જગ્યાના પંચો છે. ગુનાવાળી જગ્યાના પંચોને તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ માત્ર પંચનામામાં તેમની સહી જ ઓળખી બતાવેલ છે.આમ તેઓએ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી.

(૧૮.૧) વધુમાં **આંક-૧૦ થી ફરીયાદી નરેન્દ્રસિંહ ગંભીરસિંહ બોડાણા** દ્વારા પુરાવો આપવામાં આવેલ છે. બચાવપક્ષ ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસમા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કુે અકસ્માત થતા હુ બેભાન થઈ ગયેલ હોય,અકસ્માત કોણે કરેલ તે મને

ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે થોડુ અંધારુ હતુ. આમ જયારે ફરીયાદી બેભાન થઈ ગયેલ હોય અને અકસ્માત કોણે કરેલ તેની તેઓને કોઈ જાતમાહીથી ન હોય, સદર પુરાવો ફરીયાદીને મદદરૂપ થયેલ નથી. ત્યારબાદ આંક'–૧૫ થી સાહેદ જીતેન્દ્રસિહ સજ્જનસિહ સોલંકી નાઓએ પુરાવો આપેલ છે તે ફરીયાદીનના મીત્ર છે અને બનાવ તેઓએ જોયેલ છે અને બનાવ બાઈક નંબર–જીજે.૧૬.એ.એસ.૫૫૭૬ થી થયેલ છે અને અકસમાત કરનાર નીલેશભાઈ કનેરાવ ગામના છે તેવુ મે પાછળથી જાણેલુ.આમ અકસ્માત કરનાર ની જાણ સદર સાહેદને પાછળથી થયેલ હોય,બનાવ તેઓએ નજરે જોયેલ છે કે કેમ તેમા શંકા ઉભી થાય છે આથી સદર સાહેદ નો પુરાવો ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી. ત્યારબાદ આંક–૧૬ થી સાહેદ સ્માતાબેન નરેન્દ્રસિહ, આંક–૧૯ થી સાહેદ કીરણસિહ ભીખાભાઈ, આંક–૧૮ થી સાહેદ કીશોરસિહ પરબતસિહ નાઓએ પુરાવો આપેલ છે પરંતુ બનાવ સમયે તેઓ બનાવ વાળી જગ્યાએ હાજર ન હોય તેઓને બનાવ ની જાત માહીતી ન હોય તેઓનો પુરાવો ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી. ત્યારબાદ આંક–૨૨ થી સાહેદ રણજીતભાઈ છગનભાઈ નાઓએ પુરાવો આપેલ છે તેમા તેઓ જણાવે છે કે, બનાવ બાબતે મને કંઈ ખબર નથી આથી તેઓનો પુરાવો પણ ફરીયાદીને મદદરૂપ નીવળેલ નથી.

આમ ઉપરોકત ચર્ચા કરેલ સાહેદની તથા ફરીયાદીની જુબાની તથા રેકર્ડ પરના અન્ય પુરાવાઓ પરથી એ હકીકત નિર્વિવાદ સાબિત થાય છે કે, આ કામે બનાવમા અકસ્માત થયેલ સાહેદ ઈજા થયેલ અને

ફરીયાદીને ઈજા થયેલ છે.પરંતુ રેકર્ડ પર એવી કોઈ હકીકત આવેલ નથી કે, બનાવ સમયે આ કામના આરોપીએ પોતાની બાઈક બેદરકારી કે ગફલત રીતે ચલાવતા હોવાથી અકસ્માત થયેલ.વધુમા ફરીયાદ જોતા આ કામે આરોપી ઉપર શંકા ઉદભવે છે કે, તેઓએ આ કામે બેદરકારી ભરી રીતે પોતાનુ વાહન હંકારવાથી ફરીયાદી ને ઈજા થયેલ છે, પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનુ સ્થાન લઈ શકે નહી.વધુમા ભારતમા પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્ર નાં સિધ્ધાંતો મુજબ પ્રોસીકયુશન ને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસ મા રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમા આપવાનો હોય છે.વધુમા રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એવુ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમા ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નીશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષમા રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમા આપવાનો હોય છે.વધુમા ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે,સો ગુનેગારે ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચિત જણાતુ નથી.

(૧૯). વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતે **કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ જે.એ.આઈ.આર.૨૦૧૨, એસ.સી.પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિવાદીત કરેલ સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮** મા એમ ઠરાવેલ છે કે**,**

"*It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the*

*basis of criminal jurisprudence in India."*

(૨૦). **વધુમાં ના. સર્વોચ્ચ અદાલતની ફુલ બેન્ચે '' સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ શેરસીંગ '' જે ૨૦૦૯(૧) ક્રાઈમ્સ પાન નં. ૫ ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે,** "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained."

(૨૧). વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે **''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯** માં

એમ ઠરાવેલ છે કે,

**(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.** વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે **Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:**

**(i) Rash and negligent driving or riding on a public way.**

**(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

(૨૨). આમ ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ તથા ચર્ચેલ ચુકાદા મુજબ તથા ફરીયાદ પક્ષ નો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે આરોપીએ પોતાનુ વાહન બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત કરવાથી સદર અકસ્માત થયેલ તેવુ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.આમ આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો તથા બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી ની દલીલો અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા,ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૧૨૫ (એ)(બી), તથા એમ.વી.એકટ ની કલમ-૧૭૭,૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુનો નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદા નં-૧ નો નિર્ણય નકારાત્મક ઠરાવી, આ કેસમા આખરી નિર્ણય માટે મુદા નં-૨ અન્વયે ન્યાય ના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## <u>-:(/હુકમ/):-</u>

(૧) બી.એન.એસ.એસ. ની કલમ-૨૮૦(૧) મુજબ આ કામના આરોપી નિલેશભાઈ નવીનભાઈ વેચાણભાઈ વસાવા, રહે- કનેરાવ હોળી ફળીયું, તા.વાલીયા, જી.ભરૂચનાઓને બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૧૨૫(એ)(બી), તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાના પાત્ર ગુન્હાના તહોમતમાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ અપીલ અદાલતમા હાજર રહેવા માટે બી.એન.એસ.એસ ની કલમ-૪૮૧ મુજબ રૂ ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર ) ના જાત

મુચરકા તથા તેટલીજ રકમ ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

**હુકમ આજરોજ તારીખ–૧૭મી, માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૧૭ /૦૭/૨૦૨૬**
**મુ.વાલીયા.**

**(આદિલનવાજ મો.શફી સોની)**
**પ્રિન્સીપાલસિવીલજજ અને જયુડી.મેજી.ફ.ક.,**
**વાલીયા,જી.ભરૂચ.**
**JUDGE CODE NO-(GJ 01636)**

//J.J.S.//